## उपाध्यायश्रीक्षमाकल्याणगणिकृत

# श्री जैन तीर्थावली द्वात्रिंशिका

सं. मुनि सुयशचन्द्र-सुजसचन्द्रविजयौ

तीर्थमाळा स्तवन-

तीर्थमाळा (तीर्थावली) अने चैत्यपरिपाटी अेटले तीर्थयात्रासम्बन्धी ऐतिहासिक वा अन्य माहिती आपनार महत्त्वना स्रोत. बन्ने प्रकारनी रचनाओ माटे पू. मुनिश्री कल्याणविजयजीअे 'पाटण चैत्य परिपाटी' ग्रन्थमां सरस समजण आपी छे. जोईअे (वांचीअे) अेमना ज शब्दोमां-

"तीर्थमाळास्तवनोनुं लक्षण अे होय छे के पोते भेटेला-सांभळेला के शास्त्रोमां वर्णवेला नामी-अनामी तीर्थोना चैत्य वा प्रतिमाओनुं वर्णन, तेनो साचो वा कल्पित इतिहास, तेनो महिमा अने ते सम्बन्धी बीजी बाबतोनुं वर्णन करवा पूर्वक स्तुति वा प्रशंसा करवी. आचाराङ्ग निर्युक्ति अने निशीथचूर्णिमां थयेला तीर्थोनी नोंध ते आजकालनी तीर्थमाळानुं मूळ समजवुं जोईअे.

चैत्यपरिपाटीस्तवनोनुं लक्षण अे होय छे के कोईपण गाम के नगरनी यात्राना समयमां क्रमवार आवतां देरासरोनां नाम, ते ते वासनां नाम, तेमा रहेली जिनप्रतिमाओनी संख्या वगेरे जणाववा पूर्वक महिमानुं वर्णन करवुं ते....."

पू. उपाध्याय श्रीक्षमाकल्याणजी महाराजे पोते करेल तीर्थयात्रानी भावसभर स्मरणा रूपे आ कृतिनी रचना करी होय तेनुं 'तीर्थमाळा द्वात्रिंशिका' नाम योग्य छे. 'अनंसिषं, प्रणताः, नताः, वन्दे' वगेरे प्रयोग पण पूर्वयात्रा स्मरणना साक्षी छे.

आवी प्राकृत-अपभ्रंश-संस्कृत-मारुगुर्जर वगेरे भाषाओमां रचायेली गिरनार-समेतशिखर-शत्रुंजय-नाकोडा-अमदावाद-वागड-कुरुदेश-सोरठ-खंभात-बद्री (हिमालय) वगेरे स्थळो (तीर्थस्थळो)नी तीर्थमाळा उपलब्ध थाय छे. जेनी संख्या लगभग ६० थी ७० थाय.

**जैनतीर्थावली द्वात्रिंशिका-सार :**

पद्य १-२मां मंगळ अने प्रतिमाने स्थान आपी ३ थी २२ पद्य सुधी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कविअे पोते करेल शत्रुंजय, गिरनार, घोघा, भावनगर, भृगुकच्छ (भरुच), हालार, कंठाल, गुजरात, कच्छ, खंभात, शंखेश्वर, मरुभूमि (मारवाड), गोडीपुर, अर्बुद (आबु), सीरोहि, महेवापुर (मेवापुर) लोद्रवपत्तन (लोद्रवपुर), जेसलमेर, बीकानेर, रिणीपुर (बीकानेर पासे आवेलुं हाल तारानगर तरीके ओळखातुं गाम) फलवर्द्धिका (फलवृद्धिपार्श्वनाथ-मेडतारोड ?) गोडवाड, राणपुर (राणकपुर), अयोध्या, चन्द्रपुरी, चंपानगरी (चंपापुरी), समेतशिखर, राजगृही, वैभारगिरि, विपुलाचलगिरि, रत्नाचलगिरि, स्वर्णगिरि, उदयाचलगिरि, पावापुरी, वडग्राम, काकंदि (संभवनाथ भ.नुं जन्मकल्याणक स्थळ), फतुआ (फतेहपुर ?) पाटलिपुत्र (पटना) वगेरे तीर्थोने स्मरण करीने परमात्माने नमस्कार करवामां आव्यो छे. पद्य २३मां वैताढ्यगिरि उपर आवेला जिनबिम्बोने वन्दनानी भावना व्यक्त करी छे. भावनगरनो उल्लेख होवाथी भावनगरनी स्थापना पछीनी आ रचना होवानुं नक्की थाय छे.

श्लोक २४-२५मां जैन परम्परानुसार केवा जिनचैत्यने वन्दना करवी तेनो खुलासो कर्ताअे आ प्रमाणे कर्यो छे : ''शुद्ध आचार्य द्वारा स्थापित-प्रतिष्ठित होय, शरीरमां-प्रतिमामां गुह्य भाग गूढ-न देखाय तेवो होय, अने आकृति खूब सुन्दर होय; वळी मिथ्यादृष्टिओ द्वारा तेना पर मालिकी न थती होय तथा सम्यक्त्ववाळा लोको द्वारा जेनी भावपूर्वक सेवा थती होय, तेवा अर्हत्-चैत्योनो अहीं रहेलो हुं भक्तिथी वंदुं छुं.

पद्य २६मां जिनमार्गनुं अने पद्य २७ मां जिनपूजानुं माहात्म्य ओछा पण वजनदार शब्दथी जणावी पछीना बे पद्य २८-२९मां स्थापनानिक्षेपनो विरोध करनाओनी सारा शब्दोमां टीका करी छे. पद्य ३० मां भावतीर्थ अेवा अरिहंत परमात्मानी दर्शननी ईच्छा व्यक्त करी पद्य ३१मां वीतराग अवस्था न प्राप्त थाय त्यां सुधी जिनपूजन-वन्दन-सेवननी भावना स्थिर रहे ते प्रार्थना करी छे.

उपसंहारना अन्तिम पद्यमां 'अमृतधर्मगणीना शिष्य क्षमाकल्याण उपा. बनावेल जैन तीर्थावली द्वात्रिंशिका भव्य आत्माओनी दर्शनशुद्धिने माटे थाओ' अे प्रमाणे इच्छा व्यक्त करी कृतिने पूर्ण करी छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कर्तापरिचय :**

उपाध्यायजीना जीवननी टूंक नोंध 'पुण्यश्रीमहाकाव्य' ना सर्ग २मां नीचे मुजब जोवा मळे छे.

बीकानेर राज्यना केसरदेसर नामना गाममां सं० १८०१मां मालू गोत्रीय श्रेष्ठिने त्यां तेमनो जन्म थयो. सं. १८१२मां अमृतधर्मगणीनुं शिष्यत्व स्वीकारी राजसोमोपाध्याय पासे न्याय, व्याकरण साहित्य दर्शनशास्त्रनी शीक्षा मेळवी. तेमनी प्रतिभा जोईने गच्छनायके तेमने उपाध्याय पद आप्युं. गौतमीयमहाकाव्यनी टीका, आत्मप्रबोध, प्राकृतभाषा बद्ध श्रीपाळचरित्रनी टीका, अनेक स्तोत्रो अष्टाह्निका-अक्षयतृतीया-मेरुत्रयोदशी-होलिका वगेरे पर्वनां व्याख्यानो वगेरे अनेक कृतिओनी रचना तेमणे करी. सं. १७८३मां तेमनो स्वर्गवास थयो. तेमने कल्याणजय-विवेकजय वगेरे शिष्यो पण हता.

पू. उपाध्याय श्री क्षमाकल्याणजी महाराजनी अप्राप्य-अप्रगट कृतिओमांनी एक अेवी आ कृति श्री नेमि-विज्ञान-कस्तूरसूरिज्ञानभण्डारनी २ पानानी आ प्रत स्वच्छ अक्षरोमां लखायेल छे. संवत् १८४८मां लखायेल छे. दरेक पाना उपर १२ लीटी छे. दरेक लीटीमां लगभग ३५ थी ४५ अक्षर छे.

### उपाध्यायश्रीक्षमाकल्याणगणिकृता

## श्रीजैनतीर्थावलीद्वात्रिंशिका

तीर्थेश्वरश्रीयुतविद्यमान-सीमन्धरस्वामिवरस्वरूपम् ।
ध्यात्वा हृदन्तः प्रणतामनिन्द्यां, स्तोष्यामि तीर्थावलिकां प्रसिद्धाम् ॥१॥
चैत्यं जिनेन्द्रस्य जिनेन्द्रतुल्य-मित्यागमोक्ति परिभाव्य सम्यक् ।
क्षेत्रे किलाऽस्मिन् जिनचैत्यमालां, सद्भावतः स्तोतुमहं यतिष्ये ॥२॥
सौराष्ट्रदेशे बहुसन्निवेशे, शत्रुञ्जयः शैलपतिर्विभाति ।
तच्छृङ्गरूपः पुनरुज्जयन्तो नगोत्तमः साधुसुदर्शनीयः ॥३॥
तत्राऽऽदिनाथप्रमुखा जिनेन्द्राः, श्रीपुण्डरीकप्रमुखा मुनीन्द्राः ।
नेमीश्वराद्याः प्रणताः क्रमेण, स्वकृत्यसंसाधनतत्परेण ॥४॥
घोघापुरे श्रीनवखण्डपार्श्वं, चैत्यं च भावान्नगरे जिनस्य ।
अनंसिषं श्रीभृगुकच्छसंज्ञे, पुरे पुनः श्रीमुनिसुव्रतेशम् ॥५॥

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

हालार-कण्ठाल-सुगुर्जरत्ता-कच्छादिदेशस्य जिनालयेषु ।
नता जिनाः स्थम्भनपार्श्वदेवा-दीन् विश्वपो नन्तुमनाः समस्मि ॥६॥
शङ्खेश्वरे सेवितपार्श्वदेवो, मरौ च देशे नवदुर्गभूमौ ।
गोडीपुरोद्भासकपार्श्वनाथ-मनंसिषं सत्यपुरे च वीरम् ॥७॥
नगेऽर्बुदाख्ये वरचैत्यवृन्दे, सीरोहिकायां च पुरि प्रधाने ।
पुनर्महेवादिपुरेष्व(षु)वन्दे, जिनेश्वरान् निर्वृतिकारिमूर्तीन् ॥८॥
फणासहस्रान्वितपार्श्वनाथा-दीन् पत्तने श्रीमति लोद्रवाख्ये ।
चिन्तामणिस्वामिमुखान् जिनेन्द्रान्, श्रीजेसलाद्रावनमं सुभक्त्या ॥९॥
बीकादिनेराख्यपुरे प्रधाने, श्रीनाभिराजाङ्गजमुख्यदेवान् ।
अवन्दिषि श्रीजिनशीतलेशं, रिणीपुरे नन्तुमनाः समस्मि ॥१०॥
पार्श्वादिसार्वान् फलवर्द्धिकादौ, श्रीगोढवाडस्थितपञ्चतीर्थीम् ।
मनोहरां राणपुरादिकं चा-ऽभजं प्रभूतार्हतचैत्ययुक्ताम् ॥११॥
श्रीमारुदेवा-ऽजितनाथदेवा-ऽभिनन्दन-श्रीसुमतीश्वराणाम् ।
अनन्तनाथस्य च जन्मभूमिं, पुरीमयोध्यामवलोक्य हृष्टः ॥१२॥
जिनेन्द्रचन्द्रप्रभपादपद्मे, श्रीचन्द्रपुर्यां प्रणते प्रमोदात् ।
वाराणसीतीर्थभुवि प्रकामं, नमस्कृताः पार्श्व-सुपार्श्वदेवाः ॥१३॥
अथाङ्गदेशाश्रितभूमिभागे, चम्पानगर्यां वसुपूज्यसूनोः ।
जिनस्य चैत्यं प्रणिपत्य भक्त्या, श्रीवासुपूज्येशमहं स्मरामि ॥१४॥
श्रीबङ्गदेशे सुमनोहराणि, जिनेन्द्रचैत्यान्यभिवन्द्य मोदात् ।
सम्मेतशैले गिरिराज उच्चै-र्नताऽर्हतां विंशतिरात्मशुद्ध्यै ॥१५॥
देशे प्रधाने मगधाभिधाने-ऽभवत् पुरं राजगृहाभिधानम् ।
तत्पार्श्वदेशे वरपञ्चशैलीं, समीक्ष्य चित्ते मुदितोऽस्मि सम्यक् ॥१६॥
आद्यस्तु वैभारगिरि(:) प्रसिद्धो द्वितीयकः श्रीविपुलाचलाख्यः ।
रत्नाचल-स्वर्णगिरी ततो द्वौ, ततस्तत(:) श्रीरुदयाभिधोऽद्रिः ॥१७॥
नगेषु चैतषु पुनर्नगर्यां, श्रीवीरनाथप्रमुखान् जिनेन्द्रान् ।
श्रीगौतमादीनाण(न् गण) धारिणश्च, नत्वाऽन्यसाधूनभवं सुपुण्यः ॥१८॥
(त्रिभिः सम्बन्धः)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पावापुरीमध्यगतं मनोज्ञं, विमानरूपं चरमेशचैत्यम् ।
द्वितीयकं वारिगतं च सम्यग् निरीक्ष्य नत्वा च मुदा भृतोऽस्मि ॥१९॥
चैत्यं वडग्रामगतं प्रणम्य, मनोरमे क्षत्रियकुण्डघाटे ।
गिरौ च चन्द्रप्रभ-वीरमुख्यान्, चैत्येषु भक्त्या नतवानहं तान् ॥२०॥
काकन्दिकायां च पुरे विहारे, जिनेन्द्रचैत्यानि मयाऽभिवन्द्य ।
ग्रामेऽभिरामे फतू(तु)आभिधाने, नमस्कृता कुन्थुजिनेन्द्रमूर्तिः ॥२१॥
श्रीपत्तने पाटलिपुत्रनाम्नि, विशालनाथप्रभृतीन् जिनेन्द्रान् ।
सुदर्शनं श्रेष्ठिमुनिं च सिद्ध-मनंसिषं शुद्धगुणाप्तिहेतोः ॥२२॥
वैताढ्यशृङ्गादितानि भास्व-ज्जिनेन्द्रचैत्यानि च शाश्वतानि ।
अष्टापदे चाऽऽर्षभिकारितानि, समस्म्यहं तानपि नन्तुकामः ॥२३॥
एतानीन्द्रवज्रोपजातिच्छन्दांसि ॥ अथ शालिनीच्छन्दः ॥
ग्रामेऽरण्ये वा पुरे वा गिरौ वा, शुद्धाचार्यस्थापितानीह यानि ।
देहेऽत्यन्तं गूढगुह्यप्रदेशा-न्याकारेण प्राज्यसौन्दर्यभाञ्जि ॥२४॥
मिथ्यादृग्भिर्नाऽपि च स्वीकृतानि, समयग्दृग्भिर्भावतः सेवितानि ।
अर्हच्चैत्यान्यत्र देशे स्थितोऽहं, वन्दे भक्त्या तानि सर्वाणि नित्यम् ॥२५॥
॥ युग्मम् ॥
अस्मिन् काले लेशतो विद्यमानः, काम्यः श्रीमज्जैनवाणीप्रकाशः ।
आधारोऽसावेककः प्राणभाजां, यत्सम्पर्कात् प्राप्यते शुद्धमार्गः ॥२६॥
अस्त्याऽऽधारोऽर्हत्प्रतिच्छन्द एष सौम्याकारो निर्विकारोऽद्वितीयः ।
सद्भावासिर्दर्शनाद् यस्य पुंसां सञ्जायेत प्रायशो दोषनाशः ॥२७॥
दुष्टात्मानः केचिदैदंयुगीना लोकाः पापोद्भूतमिथ्यात्वयोगात् ।
नो मन्यन्ते स्थापनां विश्वभर्तु-र्दुष्टैर्वाक्यैर्ये तु निन्दन्ति पूज्याम् ॥२८॥
जैनाभासास्ते हताशाः स्वकृत्ये, स्वेच्छोत्सूत्रालापिनः पापचित्ताः ।
संसारेऽस्मिन् दुर्गतौ गन्तुकामाः, सन्त्येतेषां दुर्दशां तर्कयामि ॥२९॥ युग्मम् ॥
अथ स्रग्विणीच्छन्दः ।
भावतीर्थेशितुर्दर्शनं सर्वदे-च्छामि संसारनिस्तारकारि ध्रुवम् ।
भावनिक्षेपमाधाय चित्ते स्वयं, स्थापना-द्रव्य-नामाख्यनिक्षेपकान् ॥३०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नन्तुमिच्छामि वन्दे भजामि त्रिधा, भावनैषैव मे सर्वदा सुस्थिरा ।
अस्तु नो यावता वीतरागादिता, स्यादिति प्रार्थये वर्द्धमानेशितुः ॥३१॥
॥ युग्मम् ॥

इत्थं **गणीशामृतधर्मशीष्य-क्षमादिकल्याण**विशारदेन ।
श्रीजैनतीर्थावलिका स्तुतेयं भव्यात्मशुद्ध्यै भवतादजस्रम् ॥३२॥

॥ इति श्रीजैनतीर्थावलीद्वात्रिंशिका ॥

संवत् सिद्धिवेदवसुचन्द्र १८४८ मिते चैत्रसितसप्तम्यां श्रीपाटलीपुरपत्तने परिपूर्तिमितेयम् ॥

—x—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org